રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ નવા ૧૪૧૦ કેસ

છેલ્લા ૨૪ કલાકમાં ૧૬નાં મોત : અત્યાર સુધીમાં ૩૨૮૯ના મૃત્યુ થયા, ૧૦૧૧૦૧ લોકો ડિસ્ચાર્જ થયા : કુલ ૯૮ લોકો વેન્ટીલેટર પર છે

ગાંધીનગર,તા.૧૮

રાજ્યમાં ૨૪ કલાકમાં ૬૯૦૭૭ ટેસ્ટ કરવામાં આવતા પ્રથમવાર કોરોના પોઝિટિવના કેસ ૧૪૦૦ને પાર થઈ ૧૪૧૦ થયો છે. આ સાથે કોરાના સંક્રમિતનો આંકડો ૧ લાખ ૨૦ હજારને પાર થઈ ૧૨૦૪૯૮ થયો છે. રાજ્યમાં આજે ૧૬ દર્દીના કોરોનાને લીધે મોત થતા કુલ મૃત્યુઆંક ૩૨૮૯ થયો છે. રાજ્યમાં આજે ૧૨૯૩ દર્દીઓ ડિસ્ચાર્જ થતા કુલ ૧ લાખ ૧ હજાર ૧૦૧ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. રાજ્યમાં આજે ૧૬૧૦૮ દર્દીઓ કુલ એકટીવ છે. જેમાં ૯૮ વેન્ટીલેટર પર ૧૬૦૧૦ સ્ટેબલ છે. રાજ્યમાં આરોગ્ય વિભાગના લલાટે કોરોનાથી કુલ સાજા થનાર દર્દીઓની સંખ્યા ૧ લાખ ૧ હજાર ૧ હજાર ૧૦૧ દર્દીઓનો શુકનવંતી આંકડાનો ચાલ્લો લખાતા વિભાગમાં ખુશીની લાગણી પ્રસરી ગઈ છે.

રાજ્યમાં આજે કોવિડ-૧૯ના લીધે અમદાવાદ શહેરમાં ૩, રાજકોટ શહેરમાં ૩, સુરતમાં ૩, વડોદરા શહેર ૨, ગાંધીનગર શહેર અને જિલ્લો, રાજકોટ જિલ્લો, સુરત જિલ્લો અને વડોદરામાં ૧ મોત સાથે ૧૬ મોત નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૫૨ અને જિલ્લામાં ૨૧ સાથે ૧૭૩ કેસ નોંધાયા છે. આ સાથે કોરોનાથી કુલ સંક્રમિતનો આંકડો ૩૪૫૧ થયો છે. આજે ૩ મોત સાથે ૧૭૭૬ કુલ મોત થયા છે. સુરત શહેરમાં ૧૭૬ અને જિલ્લામાં ૧૧૦ સાથે ૨૮૬ કેસ થયા છે. સુરતમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો કોરોના સંક્રમિતના ૧૦૪૬૨ કુલ કેસ થયા છે. આજે ૩ થયા વડોદરામાં કુલ મૃત્યુઆંક ૧૬૦ થયો છે.

રાજકોટ શડેરમાં ૯૮ અને જિલ્લામાં ૪૬ સાથે કુલ ૧૪૪ કોરોનાના કેસ થયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૭૪૨૧ થયો છે. ૧૦૪ અને જિલ્લામાં ૨૫ સાથે ૧૨૯ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો ૪૭૯૨ કેસ થયા છે. રાજ્યમાં અન્ય જિલ્લામાં કોરોનાની સ્થિતિ આ મુજબ છે. બનાસકાંઠામાં ૪૮, મહેસાણામાં ૪૭, કચ્છમાં ૩૪ મોરબીમાં ૩૦, પંચમહાલમાં ૨૮, પાટણમાં ૨૭ અમરેલીમાં અને ભરૂચમાં ૨૬ ગાંધીનગર જિલ્લામાં ૨૫ અને શહેરમાં ૨૩, જુનાગઢ શહેરમાં ૨૧ અને જિલ્લામાં ૧૬, ભાવનગર શહેરમાં ૨૦ અને જિલ્લામાં ૧૬, દાહોદ અને સાબરકાંઠામાં ૧૬ કેસ નોંધાયા છે.

અરવલ્લી જિલ્લા સેવાસદન રોડ પર ટેન્કરમાંથી ગટરનું ગંદુ પાણી ઠાલવતા અસહ્ય દુર્ગંધ

મોડાસા શહેરમાં આવેલા અરવલ્લી જીલ્લા સેવાસદન નજીક ઝાડી-ઝાંખરામાં છેલ્લા કેટલાક સમયથી ટેન્કરમાં ગંદુ પાણી ભરી ઠાલવવામાં આવતા સમગ્ર વિસ્તારમાં દુર્ગંધથી વાહનચાલકો અને રાહદારીઓ તોબા પોકારી ઉઠયા છે. અરવલ્લી જીલ્લા આરટીઓ કચેરી સામે ખાનગી કોન્ટ્રાકટર ટેન્કરમાં ખુલ્લેઆમ ગટરનું પાણી દરરોજ ઠાલવી જતો હોવા છતાં આ રોડ પરથી પસાર થતા અધિકારીઓ આંખ આડા કાન કરતા હોવાથી લોકો પણ અચરજ અનુભવી રહ્યા છે.

કુંભારેશ્વર મહાદેવ ડભોડા ખાતે પ્રધાનમંત્રીના જન્મદિને વૃક્ષારોપણ

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૦મા જન્મદિવસ નિમિત્તે સેવા સપ્તાહ અંતર્ગત ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર તાલુકાના ડભોડા સ્થિત કુંભારેશ્વર મહાદેવ ખાતે ભાજપ દ્વારા રાષ્ટ્રીય સ્તરે આયોજિત સેવા સપ્તાહના કાર્યક્રમ દ્વારા ઉજવણીમાં ગાંધીનગર તાલુકા મંડળના જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય લલિતસિંહ ઠાકોર આયોજિત ચશ્મા વિતરણ અને વૃક્ષારોપણ કાર્યક્રમ માન. ગુજરાત દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય અને પૂર્વ ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરની વિશેષ ઉસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે આઈ.બી. વાઘેલા, નાથુભાઈ ચૌધરી, એસ.પી. ઠાકોર, ગોવિંદજી ઠાકોર, સરપંચ હાલુજી સોલંકી, તાલુકા મહામંત્રી રવજીજી ઠાકોર, રવિભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, હિતેન્દ્રભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

શામળાજીના અક્ષય જાનીને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા ૨૦૨૦ સર્ટીફીકેટ એનાયત

વિશ્વ પરિષદ અને પવિત્ર તીર્થક્ષેત્ર શામળાજીના ઉત્સાહી અને કાર્યદક્ષ નવયુવાન અક્ષય જાનીએ કોરોના કાળ દરમિયાન રાત દિવસ ગરીબની સહાય કરી લોકોની સેવા કરેલ તથા અનાજની કીટ વહેચી હતી. આ તમામ મદદ બદલ લંડનની સંસ્થા વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા સ્ટાર ૨૦૨૦ સટીફિકેટ ગુજરાતના અધ્યક્ષ અશ્વિન ત્રિવેદી અને દિવ્ય ત્રિવેદી દ્વારા અક્ષય જાનીને એનાયત કરવામાં આવ્યું હતું.

મોડાસામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે શ્રમજીવીઓને ભાવતું ભોજન અપાયું

મોડાસા, તા.૧૮

મોડાસા ખાતે અંજનીવિલા સાઈટ ખાતે કે જે એક આધુનીક રીસોર્ટ સમા અને મોડાસાની ઓળખ માટે લોકમુખે ચર્ચાતું સ્થળ છે. વાર તહેવારે યુવાધન ફોટોગ્રાફી માટે હિંડોળે ચડે છે તેવા રમક્ષમ્ય સ્થળ ઉપર ભારતના પ્રધાન મંત્રી અને ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિતે અંજનીવિલા સાઈટ ઉપર કામ કરતા શ્રમજીવીઓ અને શહેરની અન્ય સાઈટ ઊપર કામ કરી રોજી મેળવતા શ્રમજીવીઓને ભાવતું ભોજન આપી તેમજ કેક કાપી ભારતના પ્રધાનમંત્રીનો જન્મદિન ઊજવવામાં આવ્યો. જે પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ શુભાસભાઈ શાહ, શહેર પ્રમુખ જગદીશભાઈ ભાવસાર, રણધીરભાઈ ચુડગર નાગરીક બેંકના મા.ચેરમેન કમલેશભાઈ પટેલ, મહામંત્રી શામળભાઈ પટેલ અને રાજુભાઈ પટેલ સાકરીયાવાળાની ઉપસ્થિતિમાં શ્રમજીવીઓને ભાવતું ભોજન આપી ગુજરાતના પનોતા પુત્રના દિર્ઘાયુ માટે પ્રાર્થના કરી વિશ્વમાં મહાન નામ થાય અને ભારતનું નામ રોશન કરી ભારતની નામના વધે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

કમલેશ પટેલના જણાવ્યા મુજબ સાઈટના ડિરેક્ટરો નિકુલ(બંટી)પટેલ અને દિલીપ પટેલે આવનાર સમયમાં આવો ઉત્સવ ઊજવી દેશ માટે કામ કરવા હાકલ કરી હતી.

ભિલોડા ખાતે "મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના"નું ઈ-લોન્ચિગ

ભિલોડા, તા. ૧૮

ગુજરાત રાજય સરકાર દ્વારા કોવિડ-૧૯ મહામારીથી ઉદ્દભવેલ પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિમાં રાજયના અર્થતંત્રને પુનઃ વેગવંતુ કરવા માટે ગુજરાત આત્મનિર્ભર પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. મહિલાઓ આત્મનિર્ભર બને તે માટે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી ગાંધીનગરથી મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનું ઇ-લોન્ચિગ કરવામાં આવ્યું હતું.

જે અંતર્ગત અરવલ્લી જિલ્લાના ગ્રામ્યકક્ષાએ ભિલોડાની આર.જે. તન્ના પ્રેરણા વિદ્યાલય ખાતે ગુજરાત રાજ્ય મહિલા આયોગના ચેરમેન શ્રીમતી લીલાબેન અંકોલીયા ઉપસ્થિત રહિ ગ્રામ્યકક્ષાએ આ યોજનાનું ઇ-લોન્ચિગ કરી મહિલા ઉત્કર્ષની કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપતા જણાવ્યું હતું કે સમગ્ર રાજયની ૫૦ હજાર ગ્રામ્ય અને ૫૦ હજાર શહેરી બહેનો મળી એક સ્વ સહાય જૂથોની દસ લાખ બહેનોને રૂ. ૧૦૦૦ કરોડ કરોડ સુધીનું ધિરાણ "મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના" અંતર્ગત પુરૂ પાડવામાં આવશે.

આ મહિલા કલ્યાણલક્ષી યોજનામાં બેંકિંગ સેક્ટરને જોડાવામાં આવ્યું છે. રાજ્ય સરકાર આવી બેંકો સાથે નજીકના ભવિષ્યમાં આ અંગેના એમઓયુ કરાશે. આ ઉપરાંત રાજયની સરકારી બેંકો, સહકારી બેંકો તેમજ ખાનગી બેંકો અને આરબીઆઈ માન્ય ધિરાણ સંસ્થાઓ મારફતે આ મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત પ્રત્યેક મહિલા જૂથને રૂ. એક લાખ લોન ધિરાણ પ્રાપ્ત થઇ શકશે.

શ્વેતકાંતિમાં પશુપાલનથી અગ્રેસર રહેલી ગુજરાતની નારી શક્તિ હવે "મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના" લોન ધિરાણથી મહિલાઓને આત્મબળ વધવાની સાથે આત્મનિર્ભર બનશે તેવી નેમ વ્યકત કરી હતી.

કાર્યક્રમમાં જિલ્લા સમાહર્તા અમૃતેશ ઔરંગાબાદકર ભિલોડા તાલુકા પંચાયતના પ્રમુખ દોલજીભાઇ કોટડ, જિલ્લા અગ્રણી રણવીરસિંહ ડાભીના હસ્તે સખી મંડળની બહેનોને સહાયના ચેક અપર્ણ કરવામાં આવ્યા હતા જેમાં સખી મંડળની બહેનો ઉપસ્થિત રહિ હતી.

કંપની સમાચાર

ઈંફોર્મા માર્કેટ્સ ઈન ઈન્ડિયા અને કેડીસીએલે લોંચ કર્યુ ઈન્ફ્રાકોનેક્સ

ભારતીય નિર્માણ ઉપકરણ બજાર માટે ઓગષ્ટ ૨૦૨૧માં હશે વિશાળ પ્લેટફોર્મ

ઈંફોર્મા માર્કેટ્સ (પહેલા યૂબીએમ ઈન્ડિયા), ભારતના અગ્રણી બી ટુ બી પ્રદર્શન સંયોજક અને કે એન્ડ ડી કમ્યુનિકેશન લિમિટેડ (કેડીસીએલ)એ મળી એક નવા પ્રદર્શન 'ઈન્ફ્રાકોનેક્સ'નું અનાવરણ કર્યુ, જે ભારતીય નિર્માણ ઉપકરણ ક્ષેત્રને એક સ્થળ પર સંગઠિત કરશે. ગુજરાતના ગાંધીનગરમાં ૬-૮ ઓગષ્ટ ૨૦૨૧ દરમિયાન આયોજિત થનારા ત્રિદિવસીય એક્સપોમાં નિર્માણ ક્ષેત્રની દિશામાં ઓટોમેશન ટેકનોલોજી, ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા લોકોની સમસ્યાના ઉકેલ માટે પડકારોના ફોરકાસ્ટ પર કેન્દ્રિત સેમિનાર તથા પ્રેઝન્ટેશન આપવામાં આવશે.

આ દરમિયાન વર્ચુઅલ પ્રેસ કોન્ફ્રેંસમાં કંસ્ટ્રકશન ઈક્વિપમેન્ટ રેંટલ એસોસિએશન (સીઈઆરએ)ના સંસ્થાપક અધ્યક્ષ સતિન સચદેવા, ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસિએશન (જીસીએ)ના અધ્યક્ષ અરવિંદ પટેલ, જીઆઈએચઈડી કેડાઈના સેકેટરી સંકેત શાહ, ઈંફોર્મા માર્કેટ્સ ઈન ઈન્ડિયાના મેનેજિંગ ડાયરેક્ટર યોગેશ મુદ્રાસ અને સમીર કપૂર - હેડ પ્રોજેક્ટ્સ - કેડીસીએલ ઉપસ્થિત રહ્યાં હતા.

અફવા ફેલાવે છે... ● પહેલા પાનાનું ચાલુ

સારુ કામ કરી રહી છે ત્યારે વિપક્ષો ભ્રમ ફેલાવી રહ્યા છે.જે બદલાવનો વિરોધ થઈ રહ્યો છે તે જ બદલાવ લાવવાની વાતો વિપક્ષોએ પોતાના ચૂંટણી ઢંઢેરામાં કરી હતી.જોકે હવે એનડીએ સરકારે આ બદલાવ કર્યો છે એટલે વિપક્ષો તેનો વિરોધ કરી રહ્યા છે.

તેમણે કહ્યું હતું કે, બિલનો વિરોધ કરનારા લોકોથી ખેડૂતો સાવધ રહે.આજે હું ખેડૂતોને કહેવા માંગું છું કે, કોઈ જાતના ભ્રમમાં ના રહેતા.જેમણે દાયકાઓ સુધી દેશ પર રાજ કર્યુ અને તેઓ આજે ખેડૂતોને જુઠ્ઠુ બોલી રહ્યા છે.આ લોકો જ છે જે ખેડૂતોને બંધનોમાં જકડી રાખવા માંગે છે અને ખેડૂતોની કમાણી લૂંટી જનારા વચેટિયાઓ માટે બિલનો વિરોધ કરી રહ્યા છે.ખેડૂતને તેની પેદાશ કોઈ પણ જગ્યાએ અને કોઈને પણ વેચવાની આઝાદી આપવાનો નિર્ણય બહુ ઐતિહાસિક છે.ભારતનો ખેડૂત હવે બંધનોમાં નહી પણ મુક્ત થઈને ખેતી કરશે.

એન્ટિબોડીઝ મળ્યા... ● પહેલા પાનાનું ચાલુ

પણ આડઅસરો જોવા મળી નથી. રિસર્ચમાં સામેલ ભારતીય વૈજ્ઞાનિક શ્રીરામ સુબ્રહમણ્યમને જાણવા મળ્યું કે ઉંદરોને આ દવા આપી કોરોનાની સારવાર કરી શકાય છે. તે ખૂબ નાનો મોલીક્યુલ છે, જે કોરોનાને ન્યૂટ્રિલાઈઝ કરે છે. આ દવાને ઘણા પ્રકારે દર્દીને આપી શકાય છે. ડ્રગને સૂંઘીને પણ દર્દી તેના શરીરમાં લઈ શકે છે. રિસર્ચર જોન મેલર્સ જણાવે છે કે, એબી૮ કોવિડ-૧૯ના દર્દીઓમાં થેરપીનું કામ કરશે.

માણસોમાં એન્ટિબોડીનો એક ભાગ વીએસ ડોમેન સાથે મળીને બન્યો હોય છે. આ એબી૮ પણ એવો જ છે. હાલ કોરોના સર્વાઈવરના પ્લાઝ્માથી કોરોના દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે. તેમના પ્લાઝ્મામાં રહેલી એન્ટિબોડી કોરોના સામે રક્ષણ આપી શકે છે, પરંતુ એટલી માત્રામાં પ્લાઝ્મા પૂરતા નથી હોતા કે મોટા પાયે દર્દીઓની સારવાર થઈ શકે. તેથી રિસર્ચર જનિનને અલગ કરી અન્ટિબોડી કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે, જે કોરોનાને બ્લોક કરી શકે. આવી એન્ટિબોડીનું ઉત્પાદન કરવાની તૈયારી ચાલી રહી છે. એન્ટિબોડી પ્રોટીનથી બનેલી ખાસ પ્રકારની ઈમ્યુન કોશિકાઓ હોય છે, જેને બી-લિમ્ફોસાઈટ પણ કહેવાય છે.

દબાણો દૂર કરાશે ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્ર દ્વારા આખરે એકશન પ્લાન તૈયાર કરી દેવાયો છે. જેના અંતે આજે મેગા ડીમોલીશન હાથ ધરાશે. આ વિસ્તારમાં લાંબા સમયથી અસ્તિત્વ ધરાવતા ૫૦૦ જેટલા દબાણો દુર કરવા તંત્રની ટીમ આજે બુલડોઝર સાથે ત્રાટકશે. આ વિસ્તારના દબાણકર્તાઓ પૈકી ૧૨૮ જેટલા દબાણકારોને કોલવડા સ્થિત ઝુંપડાવાસીઓની આવાસ યોજનામાં મકાન ફાળવી દેવાયા છે. જયારે આ લાભાર્થીઓને ત્યાં ખસેડવાની કામગીરી પણ ચાલી રહી છે. જયારે આજે આ વિસ્તારને દબાણમુક્ત કરવા માટે તંત્ર દ્વારા દબાણો દુર કરવા માટે મહાઝુંબેશ હાથ ધરાશે. કલેકટર કચેરી, કોર્પોરેશન ,માર્ગ મકાન વિભાગની સંયુકત ટીમ દ્વારા દબાણોનો કડુસલો બોલાવાશે. આ દરમિયાન પુરતો પોલીસ બન્દોબસ્ત પણ સ્થળ પર જોવા મળશે. ફાયર બ્રિગેડ પણ દબાણ દુર કરવાના અભિયાન દરમિયાન સ્થળ પર પહેરો કરશે. અગાઉ બોરીજમાં પણ તંત્ર દ્વારા આ પ્રકારના દબાણો દુર કરવા માટે અભિયાન હાથ ધરાયુ હતુ. જયારે આજે રેલવે સ્ટેશન પાછળના વિસ્તારમાંથી દબાણો દુર કરવા તંત્રની ટીમ બુલડોઝર ટ્રેકટર સહીતની સાધન સામગ્રી વચ્ચે કામે લાગશે.

રેલવે અન્ડરપાસ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બની હતી જો કે લાંબા સમયના અંતે હવે આ વિસ્તારમાં સ્થિત દબાણો દુર કરવા મંજુરી આપી દેવાતા ટુંકમાં જ અન્ડર પાસનુ બાકી કામ પણ પુર્ણ કરી દેવાશે સુત્રોના જણાંવ્યા મુજબ અન્ડર પાસની કામગીરી દબાણો દુર થયા બાદ માત્ર એકથી દોઢ મહીનામાં જ પુર્ણ કરી દેવાશે. જયારે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ આ બ્રિજનો ઉપયોગ વિશેષ બની રહેશે આગામી વાઈબ્રન્ટ સમિટમાં અન્ડરપાસનો ઉપયોગ વી વી આઈ પી મહાનુભાવોની અવરજવર માટે પણ કરાશે. અગાઉ બે વર્ષ પુર્વે અન્ડર પાસના નિર્માણની કામગીરી શરૂ કરવામાં આવી હતી જયારે માત્ર એક જ વર્ષમાં કામ પુર્ણ કરવા માટેનો સમય નિયત કરાયો હતો પરંતુ દબાણાના લીધે કામ અટક્યુ હતુ. તંત્ર માટે પણ આ અટવાયેલા પ્રોજેકટના લીધે અનેક મુંઝવણો ઉભી થઈ હતી જો કે દબાણોના લીધે આ કામ એક વર્ષ વિલંબમાં પડ્યુ છે. જયારે હવે ટુંકમાં બાકીનુ કામ પણ પુર્ણ કરવા માટે આયોજન કરી દેવાશે.

નોટીસ બજાવી ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેન્દ્રોની તપાસ દરમ્યાન જેમાં ૧૩ જેટલા સ્થાનો પર મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા. પાંચ દવાખાના-હોસ્પિટલમાં મચ્છરોના ભારે બ્રિડીંગ મળી આવતાં તંત્રની ટીમો દ્વારા નોટીસ આપવામાં આવી છે.

માણસા તાલુકામાં ૯૦ દવાખાના હોસ્પિટલોની મુલાકાત લઈ ૫૪૨ જેટલા સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોની ચકાસણી કરાઈ હતી જેમાં ૧૨ જગ્યાએથી મચ્છરોના પોરા મળી આવ્યા હતા. વરસાદી પાણી ભરાઈ ના રહે તેમજ ધાબાઓ પર પણ પાણીનો સંગ્રહ ના થાય તે જોવા આજે તાકીદ તંત્રની ટીમો દ્વારા કરવામાં આવી હતી અને જ્યાં જ્યાં મચ્છરોના પોરા મળી આવ્યા હતા ત્યાં એન્ટી લાર્વેલ અને સોર્સ રિડક્શનની કામગીરી ટીમો દ્વારા કરવામાં આવી હતી.

જિલ્લામાં હાલ મચ્છરોની ઉત્પત્તિ સ્થાનોની ચકાસણીમાં અત્યાર સુધીમાં પાંચ હજાર જેટલા બ્રિડીંગ સ્થાનોએ તંત્રની ટીમો દ્વારા એન્ટી લાર્વેલ અને સોર્સ રિડક્શનની કામગીરી બીજા રાઉન્ડમાં કરાઈ છે. જિલ્લામાં હાલ વાહકજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યો છે. ગત વર્ષની તુલનામાં કેસોની સંખ્યા પણ ઓછી હોવાનું જાણવા મળેલ છે.

૨૩ કેસ નોંધાયા ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે સરગાસણના સોસાયટી વિસ્તારમાં રહેતા ૫૧ વર્ષીય દર્દીનું આજે સવારે સારવાર દરમ્યાન મોત નીપજ્યુ છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓમાં મોતના આંક સતત વધી રહ્યો હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. ગ્રામીણ વિસ્તારમાં પણ હવે દર્દીઓ દ્વારા હોમ આઈસોલેશનનો વિકલ્પ વધુ ને વધુ સ્વીકારવામાં આવી રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધી રહી છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ગાંધીનગરમાં ૯, દહેગામમાં ૬, માણસામાં ૧ અને કલોલમાંથી ૭ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના વાવોલ ગામેથી આજે ૩ કેસ મળી આવ્યા છે. જેમાં ૫૭ વર્ષીય પુરૂષ, ૨૨ વર્ષીય ગૃહીણી અને ૬૦ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો સમાવેશ થાય છે. પ્રાંતિયા ગામેથી ૭૦ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કોલવડામાં ૩૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કુડાસણમાંથી એક ૩૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાંદેસણમાંથી ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આલમપુર મિલીટ્રી સ્ટેશનમાં આજે વધુ એક કેસ નોંધાયો છે.

દહેગામ તાલુકામાં કોરોનાના કેસો વધતાં તંત્રની ચિંતા વધી છે. દહેગામ અર્બન ઉપરાંત અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાંથી કેસો મળી રહ્યા છે. આજે ૪ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી તો બે કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે. બહિયલ ગામેથી ૭૦ વર્ષીય વૃદ્ધા, ઉદણ ગામેથી ૩૯ વર્ષીય યુવક, લવાડ ફાર્મથી ૬૬ વર્ષીય મહિલા તેમજ નાંદોલ ગામેથી ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. દહેગામ અર્બન વિસ્તારમાંથી એક ૬૨ વર્ષીય મહિલા અને ૪૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકાના આજોલ ગામેથી ૧૫ વર્ષીય દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દિકરીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કલોલ તાલુકામાંથી આજે ૭ કેસ મળી આવ્યા છે. જેમાં ૪ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને ૩ કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે.

કલોલના બોરીસણા ગામેથી ૪૯ વર્ષીય મહિલા, ૭૪ વર્ષના વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. છત્રાલમાંથી ૮૫ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આરસોડિયા ગામેથી ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અર્બન-૧ વિસ્તારમાંથી ૬૬ વર્ષીય પુરૂષ અને ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લામાં દર્દીઓનો રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે આજે ૨૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૬૫૮ દર્દીઓ કોરોનામુક્ત બન્યા છે. જિલ્લામાં આજે ૨૧૮ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૬,૪૩૩ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

૬ કેસ નોંધાયા ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોઝીટીવ આવ્યો છે. ૬૩ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. નીચલી અદાલતમાં વકીલ તરીકે પ્રેક્ટીસ કરતા ૬૨ વર્ષીય વકીલનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસા કોલેજમાં આચાર્ય તરીકે ફરજો બજાવતા ૫૬ વર્ષીય અધ્યાપકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ પાંચેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત એક ૬૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૩ માંથી આજે એક સાથે ૬ કેસ નોંધાતા સર્વેલન્સ સાથે કન્ટેનમેન્ટ ઝોન તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગનું કડક રીતે પાલન થાય તે માટે જરૂરી સૂચનાઓ તંત્ર દ્વારા આપવામાં આવી છે.

સેકટર-૨૯ માંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. આ સેકટર શરૂઆતથી જ કોરોના માટે સંવેદનશીલ બની ઉભરી રહ્યુ છે. આજે એક ૫૯ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ખાનગી નોકરી કરતા એક ૪૦ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સંવેદનશીલ બનેલ સે. ૪ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. શિક્ષણ વિભાગમાં ડ્રાયવર તરીકે ફરજો બજાવતા ૫૬ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગમાં નાયબ સચિવ તરીકે ફરજો બજાવતા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨ માંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. સે. ૨ માંથી એક ૬૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરાયા છે. આ ઉપરાંત ૬૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે વધુ ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હોમ આઈસોલેશન હેઠળ સારવારમાં રહેલ દર્દીઓની સંખ્યા વધી રહી છે હાલ આ સંખ્યા ૯૦ ના આંકને પાર કરી ગઈ હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં નોંધાયેલા દર્દીઓમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્ર કરી રહ્યું છે.

અંતે ચીને સ્વીકાર્યું... ● પહેલા પાનાનું ચાલુ

સુધી હું જાણું છું, ૧૫ જૂને ગાલવાન ખીણમાં ચીની સૈનિકોના ૨૦ ભારતીય સૈનિકો કરતા ઓછા મૃત્યુ થયા હતા. કોઈ ચીની સૈનિક ભારતે કબજે કર્યો નથી, જ્યારે પીએલએ એ દિવસે ઘણા ભારતીય સૈનિકોને પકડ્યા હતા. ભારતીય અને અમેરિકન અંદાજ મુજબ આ હિંસામાં ૪૦ થી વધુ ચીની સૈનિકો માર્યા ગયા છે. હુ શિજિને આરોપ લગાવ્યો હતો કે ભારતીય સૈનિકોએ ચેતવણી આપ્યા વિના તેમના પર હુમલો કર્યો હતો, જેના કારણે તે સંઘર્ષ થયો હતો. આ દાવાની વચ્ચે શિજિને સ્વીકાર્યું કે ગેલવાન હિંસા દરમિયાન કેટલાક ચીની સૈનિકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો પરંતુ ચોક્કસ સંખ્યા આપી નથી.